ગૌણ વનપેદાશોના લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી અંગે રાજ્ય તેમજ જિલ્લા સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીએપી/૧૦/૨૦૧૩/૭૨૭/૮૮/ઘ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ :૧૨/૦૩/૨૦૧૫

વંચાણે લીધા : (૧) ભારત સરકારના ગાઈડ લાઈન
"Mecanism for Marketing of MFP Through MSP and Development of value chain".
D.O. No..2/13/2013-CP&R.dated 06/08/2013
(૨) Minutes Of the Meeting held on 10/11/2014
(૩) કમિશ્નરશ્રી (આદિજાતિ વિકાસ) ની કચેરીની તા.૪/૨/૧૪ની દરખાસ્ત.

ઠરાવ :

અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પરંપરાગત વન વાસીઓ (વન સંબંધી અધિકારોનો સ્વીકાર ) અધિનિયમ ૨૦૦૬ હેઠળ ગૌણ વન પેદાશોના એકત્રીકરણ વેચાણ કે ઉપયોગ ઉપર જે તે વનવાસીના અધિકાર છે. ગૌણ વન પેદાશો એકત્ર કરનાર જે તે કામગીરીના પોષણક્ષમ ભાવ મળે અને તેનું શોષણ થાય નહી તે માટે અને જે તે વન પેદાશની કાયમી ઉપજ ઉપર પ્રતિકૂળ અસર થાય નહી તે દ્રષ્ટિએ ભારત સરકારના આદિજાતિ બાબતોનાં મંત્રાલય દ્વારા બિન રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશોના ટેકાના ભાવે ખરીદેલ સંગ્રહ, વેચાણ, નિકાલ વગેરે બાબતો માટે એક નીતિ નક્કી કરવામાં આવેલ છે. આ નીતિના અમલીકરણ સંદર્ભે યોજનાનું રીવોલ્વીંગ ફંડ, આ કામગીરીમાં નુકસાની થાય તે સંજોગોમાં તેની ભરપાઈ માટે, વન પેદાશોના વૈજ્ઞાનિક પદ્ધતિથી એકત્રીકરણ માટેની તાલીમ,તેના સંગ્રહ ,હાટ બજારના આધુનિકરણ વગેરે માટે કેન્દ્ર સરકારે પાંચ વર્ષ માટે આશરે રૂ.૧૦૦૦/- કરોડનું આયોજન કર્યુ છે. નોડલ વિભાગ અને નોડલ એજન્સી નક્કી કરવા બાબત ભારત સરકારશ્રીના આદિજાતિ મંત્રાલય, નવી દિલ્હીનું સૂચન છે અને વંચાણે લીધા ક્રમાંક (૧) ની ગાઈડ લાઈન અનુસાર યોજનાના અસરકારક અમલીકરણ માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રાજ્ય સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિ તેમજ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિની રચના કરવાની થાય છે. વંચાણે લીધા ક્રમાંક (૨) થી રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગને નોડલ વિભાગ અને ગુજરાત વન વિકાસ નિગમને નોડલ એજન્સી નક્કી કરી ભારત સરકારને તેની જાણ કરવાનૂં સૂચન થયેલ છે. વંચાણે લીધા (૩) થી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી તરફથી મળેલ દરખાસ્ત અન્વયે વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ ગૌણ વન પેદાશોના એકત્રીકરણ વેચાણ કે ઉપયોગ કરનારને કામગીરીના પોષણક્ષમ ભાવ મળે અને તેનું શોષણ ન થાય અને તેની ઉપજ પર પ્રતિકૂળ અસર ન

થાય તે સંબંધે અસરકારક સંકલન અને મોનીટરીંગ સમિતિ બનાવવા માટેની દરખાસ્ત સરકારમાં મળેલ હતી.

આ નીતિના અસરકારક અમલીકરણ માટે આદિજાતિ વિકાસ વિભાગને નોડલ વિભાગ અને ગુજરાત વન વિકાસ નિગમ લિ.વડોદરાને નોડલ એજન્સી તરીકે નિમવામાં આવે છે તેમજ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રાજ્ય સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિની નીચે મુજબની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨. | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ. | સભ્ય |
| ૩. | અગ્રસચિવશ્રી/અગ્રસચિવશ્રી,પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ. | સભ્ય |
| ૪. | અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | સભ્ય |
| ૫. | અગ્ર સચિવશ્રી વન સંરક્ષક | સભ્ય |
| ૬. | કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ | સભ્ય સચિવ |
| ૭. | મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય વન વિકાસ નિગમ, લિ.વડોદરા | સભ્ય |
| ૮. | TRIFED, ગુજરાતનાં પ્રતિનિધિ | સભ્ય |

આ ઉપરાંત જિલ્લાઅ કલેકટરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિની નીચે મુજબ રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | કલેકટરશ્રી | અધ્યક્ષ |
| ૨. | પ્રાયોજના વહીવટદારશ્રી | સભ્ય |
| ૩. | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ | સભ્ય |
| ૪. | જિલ્લા વન અધિકારીશ્રી | સભ્ય |
| ૫. | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ.ના પ્રતિનિધિ | સભ્ય સચિવ |
| ૬. | TRIFED, ના જે તે જિલ્લાના પ્રતિનિધિ | સભ્ય |

ઉપરોક્ત મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રચાયેલ રાજ્ય સ્તરની સમિતિ તથા કલેકટરશ્રીના અદયક્ષપદે રચાયેલ જિલ્લા સ્તરીય સંકલન અને મોનીંટરીગ સમિતિએ નીતિના અમલીકરણ માટે ભારત સરકારશ્રીની વખતો વખતની ગાઇડલાઇન મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની તા.૨૪/૨/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ કે.પટેલ)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :
માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી (આદિજાતિ વિકાસ) નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ બિરસા મુંડા ભવન સેક્ટર-૧૦/એ,ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત વન વિકાસ નિગમ લીમીટેડ વનગંગા, વડોદરા.
એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ./ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ.ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી,
સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ,
સર્વે મદદનીશ કમિશ્નરશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સર્વે આશ્રમશાળા અધિકારીશ્રી,
સર્વે સમાન કલ્યાણ અધિકારીશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
વિભાગના સર્વે અધિકારીશ્રીઓ,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર.
કાર્યપાલક નિયામકશ્રી,ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલ્પમેન્ટ રેસીડેંસીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ સોસાયટી, બિરસા મુંડા ભવન સેકટર-૧૦/એ, ગાંધીનગર.
મુખ્ય કારોબારી અધિકારીશ્રી ડી-સેગ બિરસા મુંડા ભવન સેકટર-૧૦-એ,ગાંધીનગર.
સર્વે સેકશન અધિકારીશ્રી આદિજાતિ વિકાસ વિભાગ સચિવાલય,ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ
સિલેક્ટ ફાઈલ.